નીતી જ્ઞાન પ્રશારક મંડળી.

છેલ છબીલાને દુખીઆરા રતન નાં ગાયનો.

રચનાર તથા છપાવી પ્રગટ કરનાર,

શુંદરદાશ દામોદર

મુંબઇ

ધી "રોયલ" પ્રીંટીંગ પ્રેસ બહારકોટ.

૧૮૯૩.

કીંમત બે આના.

૫૧૮૭

ઇશ્વર સ્તુતી.

દીન દયાલ, જ કૃપાલ, પ્રભુ પધારીએ,
કરો શંભાલ, રાખો લાજ, શીશ નમાવીએ,
દીન લીન, થઇને આજ, શરણ આવીએ,
રંગેથી શઊ, શંગે મલી ગુણ ગાઇએ,
છેમતી મુઢ હમારી,
છે લીલા શરવે તાહારી.
તુજ પરવારી. છે બલહારી.
તુ—જહાં—નમાં—ટેક.

૧

ઘરમાં ખાવુ, દરીએ નાવું. જાવું ખુશીમા ફરવાને.
ખરચી પેશા, જોવા તમાશા, જરૂર શીખવું તરવાને.
કપડા શાજા, ખીશા તાજા, રાખી કરવી મોજ મજા.
નહી માનવુ, માને બાપનુ, જો પણ કહેશે કોઇ બીજા.

૨

રશીલી નાર, શુભદ્રાજે, દીલમા આશ તેની છે—રશી.
કમલ વદની પ્રીયા થાશે, થઇશહુ પ્રાણ પતી જ્યારે

મઝાનો નહી પાર ત્યારે, હરદમ યાદ તેની છે—રશી.
ખાઓ પીઓ નાચો, ખુશીથી રાજા મુજને જાણી,
ધુમ મચાવો રંગ ઊડાવો, હોશ દીલમાં આણી,
પૈશા આપણ ખરચી ખાશુ, બીક એમા શાની,
વાત કહો છો શાચી એ તો માહારા મનને માની.

જુવો કેવી થાયછે રમત,
તે શાથે ઊડે છે મમત.

૩

હું છઉ શખી ખાવા ખરચવા ભાઇ તમારી હીમત,
ઇશ્વર ખોશા તાજા રાખે, આપની મીજવાની—ખાઓ.

૪

ધર્મ પુછો તો એવો મારો નથી, શાચે જગતમાં ધારો નથી-ધર્મ.
કરવી પતી શેવા, ઇશ્વર શમજી, એથી બીજો કોઇ
શુધારો નથી—શાચે.

૫

પ્યારા ના મારો હું ગુનેગાર છું, કરવા ગમે તેમ હું
મુખત્યાર છુ—પ્યા.
કરૂ કાલાવાલા કહયુ માનો નાથ, કરો માફ તકશીર
હુ બેજાર છું—પ્યા.
પ્યારા કહો મુજ અપરાધ શુ, કર બંધ જબાશુ શમજે
છે તુ—પ્યા.

૫

જોઉં છું હું આંખો કહાડો નહી, ચુપ બેશરમ હું.
સતાહાર છુ—પ્યાર

૬

પ્રીય પ્રાણુ નાથ માહારા, લેવો આ જરીઆન,
રાખજો શંભાલી એને, શમજી માહારા પ્રાણ—પ્રીઆ
કરૂં છું સ્વાધીન તમારા, શરવે આ શ્રંગાર,
ભય તમે ના રાખશો, મન વીશે લગાર—પ્રીઅ
અર્પણ મેં કીધો છે માહરો દેહ પ્રાણાધાર,
પુછે માત તાત માહારા, જવાબ હું દેનાર—પ્રીઅ

૭

જગતાત અનાથનાનાથ, જોડુછું હાથ હું
મહારા પાપની કરજે ક્ષમાઅ, અરે દીનાનાથ તું—૧
હું કરતી હતી સ્વામીનાથ, શેવા અતી પ્રેમથી,
મેં કીધો નથી અપરાધ, રહી છું નેમથી—૨
ભુલી બાલપણાનું સુખ, ખમું છું દુખ હું,
તેથી અરજ સાંભલી દયાલ, પુત્રીને સંભાલતું—૩
અબલા અજાણુ હું નાર, ઊતારે પાર તું,
માહારા દુખના દીવસ ટાલી સુખ, કૃપા કરી આપ તું—૪

૮

શુણો અરજ રંગેલા આજ, હરખથી મોટા,
દુનીયા બેરંગી જાણો, ફેલ સઊ ખોટા—૧
છે કલજુગનો પરતાપ, જગતમાં ભારી,
જોઇ કપટી કલીના કામ, ધુજે જગ સારી—૨

જાંહા મળ્યા છેલ બેચાર, ખુશીથી રંગમાં.
છલ કરવા કલી શંચરશે, એકના અંગમાં—૩
કરી રંગમાં ભંગ પાડીને, વીખુટા પલમાં,
જાંહાં ચાહે મચાવે શોહર, પુરો છલબલમાં—૪

૯

શી દસા આ થઇ છે મારી, તુંજ મનથી જો વીચારી,
રાતો દીન હું કરતો પ્યારી, ઇશ્કથી બેજાર છું—શી.
મલવાની છે આશ ભારા, કયારે મલશે મુજને પ્યારી.
માગું છું મદદ તારી, મારી તાબેદાર છું.

૧૦

મરજી માહારી થાશે પુરી નશીબ મારૂં ચમકે છે.
નહી શુખી કોઈ, જગમાં મુજશમ એવો શીતારો ઝલકે છે.
કોઈ મને આ જગમા શુખીઓ, કોઈ મને દુખીઓ કહેછે,
હું મુજ મનથી, ડરૂના કોઈથી, મનમગન મારૂં નીત રહેછે.

૧૧

ગઈ લાજ મારી આજ, કરશાહાઅતું મોરાર,
ચોરી ચઢાવી મુજપરે છોડાવીને ઘરબાર.
કરતી હતી આરામ હું, દીન રાત ચેનમાં,
તેજ હું આપાપણી, ફરૂં છું નીરાધાર.
મુજ માતને મુજ તાતને, કોઇ કેહજો આ હેવાલ,
ના બતાંઊ હું મુખમાહેર, મરીશ હું નીરધાર.

૧૨

ઇશકીધો શું કોપઆ, હું અબલા જાત,
નહી સુઝે મુજને શું કરૂં, થાએ જગમાં વાત—ઈશ.

૫

નથી મારગ કોઇ શુઝતો, શાચીતાહારી આશ,
જલદી બોલાવી લે મુજને, તું તાહારી પાશ—ઈશ.
અરજ સાંભલીને ઈશ તું કરજે માહારી વાર,
મુજશમ દુખતું કોઈને, નહી આપ લગાર—ઈશ.

૧૩

કોઇ સુખ દુખ જગમાં શું જાણે, ભરી પેટ પોતાનું શઉ જાણે
ખશ મારી કાપી લુટી લઈને, પઇશા ભેગા કરી જાણે—કોઇ
સઉ પઈસાવાલા પઇશાને, ના રીતેથી ખરચી જાણે,
ખશ ખાઇ ધરાઈ પી જાણે, કોઈ રંડીબાજી કરી જાણે,
કોઈ થઇ ફાંકડા ફરી જાણે, કોઇ ખવડાવે બીજાને—કોઈ.

૧૪

આવો આવો યાર માહારા, પ્રીય પ્રાણશાંવરા,
દાશી આપની ઊભી છે, શેવામાં આ શુંદરા—આવો.
છો રશીલા આપ પ્યારા, રૂપગુણમાં પુરા,
આપ માહારા હું તમારી, જીવનહાર માહેરા—આવો.
પ્રીતમ પ્યાર કરો લગાર, મુખથી બોલો જરા,
પુર્ણ કરો આશ માહરી, મધુર વચનથી ખરાં—આવો.

૧૫

પ્યારી દીલ જાન શાચું કહું છું માન, જોઈ સુરત જવાન,
હું હતો હેરાન, તારી ભમર કમાન જાણે પરીશમાન,
શુણી મીઠી જબાન, હું થયો ગુલતાન,
પ્યારા દીલદાર છો, હૈયાના હાર, તમે મારા સરદાર,

હું તમારી નાર, મને ખરો આધારછે તમારો પ્યાર,
નહી ગમે સંસાર, આપ વીના લગાર.

૧૬

ખરોછે સાર જગમાં, પ્રાણપતીનો પ્યાર,
છઉ દીલદાર, પ્યારી માન તું નીરધાર—ખરો.
ફીદાહું છઊં. સદા તુજપર, અયદીલબર,
સાંભલ નાર, કરી રાખીશ ગલાનો હાર—ખરો.

૧૭

માનો મારી વીનતી આ માનો મારા રાજ,
રાજરે—માહારાજરે—માનો,
હાથ જોડીને વાલા, કરૂં કાલાવાલા,
સુખમાં ગુજારોને રાત—માનો.

૧૮

કરો શાહાય્ય હવે કીરતાર,
આ વનમાં ભુખે, પામું દુખ અપાર, હાય, હાય, હાય.
ચાલી થાકી કંટક ભાગ્યા, પગમાં હારોહાર,
જલવીણ મારો કંઠ શુકાયે, કરો કંઇ ઉપચાર,
કાંહા જાઊ કરૂં શું હવે, થઈ નાચાર, હાય, હાય, હાય—

૧૯

મુજ દુખની શી કહું કથા, ભલા ભાઇ હું તાને,
નથી ગમતો મારો જીવ આ, રાખવા મને—મુજ.

ફૂં પાસ માત તાતના, રેહતીથી સુખચેનમાં,
પરાણીને હું થઇ દુખી, ભુલી ભાંનમાં—મુજ.

૨૦

જુવો ભલાઇ, જગમાભાઇ, પૈસાની છે આજ,
પૈસે ખીશા તાજા રાખો, તો તો રેહેશે લાજ.
મ્હોબત મોટી છેવટ ખોટી, નહી કોઇની નાર,
ભાઈબંદ ને કુટંબ કબીલો, કોણ કોઈના યાર.
નાના મોટા, ભલા બુરાનું, પૈસા ઉપર ધ્યાન,
જોઈ પૈસા, લેશે ખુશીથી, એકબીજાનો જાન.

૨૧

મારા જીવનહાર, આવો માહરે દ્વાર, કરૂં યાર યાર
મુજ પ્રાણ આધાર.
તુંજ વીણુનાથ હું તલપુ રાત—મારા.
તમે આવો આ વાર હું કરૂં શણગાર કહે રશીલી
નાર, માનો ભરતાર,
દીલના દીલદાર, સુણો અરજ આવાર—મારા.
મારા મનની આશ, જેમ દાશોદાશ, થદા રહીશ
પાશ, જેમ ભ્રમરવાશ.
તુજ છબી સુંદર, જોઊં એક નજર—મારા

૨૨

લટકાલીં મતવાલી તું પ્યારીરે, તુજ શુરતની બલી
હારીરે—લટ.

પ્રીય કરણી છે, મનહરણી તું, ચંચલ ચીત હર
નારીરે—લટ.
ચાલ ગુલાબી, મુખપર લાલી, ચપલ ગમન કરનારીરે—લટ.

૨૩

જગતમાં કંથ વીનાની નાર—
શુનોછે સંસાર જગતમાં, કંથ વીનાની નાર—
પ્રીય પતીની સેવા કરવી, સમજો કોઇ નાર,
સ્વામી જેનો છે રંગીલો, ભાગ્ય તણો નહી પાર—જગતમાં.

૨૪

દીલના પ્યારા, મનહરનારા, જાવો કાહા તનમારારે—દીલ.
હુંતો રહુછું આપ આધારે, ખરે કહુ શમ મારારે,
વીઓગ તમારો, લાગે અકારો, વેહેશે આંસુ ધારારે—દીલ.
પ્યારી મારી સુખ દેનારી, નાજુક નખરાવાલીરે,
આવીશ પાછો, જલદી જવા દે, વચન મારૂં પાલીરે—દીલ
મોહન જલદી વલજો પાછા, રાખી યાદ હમારીરે,
છેલ છબીલા છો અલબેલા, જાઊ તમપર વારીરે—દીલ.

૨૫

પ્રીયા પ્રાણ પ્યારી હું દીલદાર છું, દીનો રાત તા
હારો તલપગારછું—
પ્રીયા પાછો જલદી આવીશ હું મ્હોબતમાં તારા
ગીરફતારછું,—

૨૬

ખોટો છે જગમાં પ્યાર, ખોટો જમાનો આ,
ખોટું છે ઘરબારને, ખોટીછે માયા—ખોટા.

ખોટા છે જર ને માલ સઊ, ખોટા કરે વીચાર,
ખોટી નજર આ જહાંનમાં, ખોટી છે કાયા—ખોટા.
ખોટાછે સંસાર ને, સઊ ખોટાછે વેહેવાર,
સાચોછે જગમાં એક તું, તારી સત્યછે વાચા—ખોટા.

૨૭

ભલા ભાઇ મુજને લઇ કાંહા જાવો, દીલમાં લેશ દયા
કાંઈ લાવો—ભલા.
નાચારીથી સ્વાધીન થઇ હું, તેથી મને કેમ આમ
સતાવો—દીલ.

૨૮

બની ગયો સાવકાર રે, બની ગયો સાવકાર
છન છન છન છન,ઊડાઊ રૂપીઆ, જાણે પૈસાદાર રે—બની.
લુલા લંગડા ટુટા ફુટા, સઊનો હું સરદાર રે—બની.
ચાલ રૂપાલી જબા શુંવાલી, કેવો હું હુશીયાર રે—બની.
છોડી જુની નવી કરીશું, બાયડી નખરાદાર રે—બની.
ગાડી ઘોડે બેસી ફરશું, થઇને ભપકાદાર રે—બની
દુધ દહીંને છાશ મલીદા, ખાવો મારા સરદાર રે—બની.

૨૯

પઇસાના સઊયાર છે આ જુવો જગતમાં—
પઇસો કમાવા નર નારી સઊ, મરવાને તઇયાર છે—આજુ.
પઇશો ડુબાવે પઇશો તરાવે, સઊનો એ સરદાર છે—આજુ.

૩૦

પ્રીય પતીએ મનથી ઊતારી, પાપ કર્યા મેં કેવાં,

શાસુ સાસરે ઘરથી કાઢી, કરમછે મારા એવાં,
ચોરોએ વેચી હયાં. દુખ ખોલું જઇ હું કયાં—ચોરોએ.

૩૧

સુખી જગમાં આ કેવો હું, જાણે રાજ મારૂં છે,
છે ઘરબાર પઈસાદાર, જગમાં નામ મારૂં છે—સુખી.
પ્રતાપી શુરછું બાહાદુર, જુવો શું નુર મારૂં છે,
દાશીદાસ હજારો પાસ, એ તકદીર મારૂં છે—સુખી.
પ્રીયા પ્યારી સુખાકારી, સદા દીલ રાજી મારૂં છે,
પીવું ખાવું રંગ વીલાસ, એવું કામ મારૂં છે—સુખી.

૩૨

સુણો ભાઇ વાત મારી, વાત મારી જાત મારી ને
હુશીયારીરે—સુણો.
ઠગ ચોરોનો ભાગીઓછું હું, લુટવાનું છે કામ,
સુતા સુતા ખાવું પીવું આલસુ મારૂં નામ—સુણો.
જાતેછું હું એકલો પણ બાયડી મારી ચાર,
ખાવા પીવા મલતું નથી છોકરાંછે દશ બાર—સુણો.

૩૩

રંગીલા મારા પ્રાણજીવન તન હાર—
રશીક રશીલારે, છો અલબેલારે,
મુજ પ્રાણ તણા આધાર—રંગીલા.

૩૪

પ્રીયા તું જાણજે મુજને ખરો દીલદાર તારો.
કુરબાન મેં કીધો છે પ્રાણ, જાન આ દીલ જાન
મારો—પ્રીયા.

લુટાવ્યું ઘરબાર મારૂં, જર માલ ને સરવે સંસાર,
બન્યોછું હું દીવાનો, જોઇને હું પ્યાર તારો—પ્રીયા.

૩૫

મારા છેલ છબીલા અલબેલારે—
ઊભી, ઊભી, હું જોઉં તમવાટ, મારા રાજ—છેલછબા.
સુનો લાગેછે મેહેલ સુની શેજડીરે,
સુની લાગે છે આપ વીના રાત, મારા રાજ—છેલછબી.

૩૬

મ્હોબતનો બન્યોછે બાગ, બાગમાં કલી, કલીમાં ગુલ,
ગુલ ખીલી બને બુલબુલ—બુલબુલ—બુલ—ગુલ ખીલી.
ખીલી નીકલે છે સુવાસ, બુજેછે પ્યાસ, મનની આશ,
બની માલી સદા રહે પાસ—શહેવાશ—વાશ—બની માલી.

૩૭

સુખ આપે છે નારીને; જેને પોતાનો ભરતાર,
પોતાનો ભરતાર, બતાવે એજ સાચો પ્યાર.—સુખ.

સાખી

છે સુખી આ જહાનમાં, ચતુર ધણીની નાર.
પ્રીયવીણપલ દુર ના રહે, જેને સ્વામીનો આધાર,
સ્વામીનો આધાર, જેને પોતાનો ભરતાર—સુખ.

૩૮

નહી પ્રાણ માહારો જાયરે, હું શું હવે કરૂં,
નહી આ દુખ મુજથી ખમાયરે, જોઇ નીચને ડરૂ.

પડતી દસા જોઇને, થાય નીચ પણ સરદાર,
વેરી થાય હોય મીત્ર જે ઉપજે દુખ અપાર—હું શું હવે

૩૯

અરજ ગરજ મારી તું ધર ધ્યાન.
હાલત ઉપર મેહેર દયા કર—ગરજ અરજ.
જાણીને અંજાણ બને શું, રેહેમ નજર કરી ખોલ જબાન,
રેહશે સદા નહી એ દીન તારો, ચહડત પડત છે
સારી જહાંન—અ.

૪૦

ચલ જાવો હટો દુર, નહી મુજને સતાવો,
ધરો શરમ જરા લાજ, નૂહી મુખ બતાઓ—ચલ.
નહી કામ મને કોઇથી, નથી રાખતી દરકાર,
બોલો સમાલીને જરા, મનથી વીચારો—ચલ.

૪૧

મતવાલીરે, જોબન બર આજારો, પછી પાછલથી પસતારો.
પરમેસ્વરને એક અકીનથી ચાહશે, જગમાં સુખી તે થાશે.

ઝુ લ.

ના કરો બઢાઈ ખાલી રે, હું કાઢીશ હાથે ઝાલીરે,

ચાલો જાવો હીયાંથી ચાલીરે—
ફટનારીરે, ધીઃકછે જીવતર તારૂં, છે આખર વચન મારૂં.

૪૨

ઇશ્ક બુરો છે ખોટી છે યારી કર્મ ગતીછે મારી ન્યારી-ઈશ્ક.
ચાહાતો હતો જેહુને નીસ દીન દીલથી,
ઘરથી મને આજે દીધો ઉતારી—ઈશ્ક.
મધુર વચનથી, ભુલાવ્યો મુજને,
હરણ કરી મારી દોલત સારી—ઇશ્ક.

૪૩

ગોરી ગુલાબી જાની મલી, જાની મલી મનગાની
મલીછે—ગોરી.
ચમન ઉડાઉ, મજા લુટાઉ દોલત સારી મજાની
મલીછે—ગોરી.

૪૪

બુરી હાલત થઇ મારી, આવી કેવી આ લાચારી—બુરી.
ઐશઆરામી કરતો હમેશાં, બની રહી ગુલતાન,
છોડી દીધું ઘરનું ધ્યાન, થયો બેભાન, બની હેવાન—બુરી.
ઘરની નારી દીધી વીસારી, પર નારીપર પ્યાર,
કીધા ખોટા સઉ આચાર, છોડી વીચાર, થયો નાચાર—બુરી

હે ગીરધારી, લેજો ઊગારી, ભુલુ નહી તુજ નામ,
રહ્યું તુજથી હવે મુજ કામ, ફરૂંછું આમ, દયા
કરજ્યામ—બુરી.

૪૫

જગમાં છે ઠગાઈ યારો, ખોટાછે આ પ્યાર, જુવો
કરી વીચાર,
દરકછે બુરો આ કુવો, એ કરેછે ખ્વાર, સઉ એના તાબેદાર.
કરેછે રાજી નારી નરને, પ્યારા કરી ઉચાર, છે માયા
એવી અનીવાર,
છે ખરોજ તું કૃપાલુ, સરવેનો સરદાર, તુજ મહી
માનો નહી પાર.
બુરાઈનું કારાગુ જગતમાં, પયસોછે શાચાર, કરેછે
એ નાચાર.
વરણું શું લીલા હું વાહારી, હે જગત કરતાર.
છુપાપી હું બદકાર.
આશાછે તુજમા સઉની, દીનનો દાતાર તુજ મોટાછે આધાર.
સમજીને પ્રભુ ભજી લો, માનવનો અવતાર. નહી આવે
વારંવાર.

૪૬

હાં રેહેમ નજર, ખાઇ કદર જાણી શયર પ્યારીરે થાતું—
સુરત મુરત ગોરી ગોરી મારી, જોઇને તું નારીરે,
કરતું યારીરે, કરતું યારીરે—હા રેહેમ.

૪૭

અરે કહ્યું મારૂં માન, માનરે તું માન—અરે કહ્યું.

શતી છું નારી, થાશે ખુવારી,
જાન શું હેરાન કરે, સમજ તું નાદાન—અરે રૂહ"

૪૮

છોડ સફાઈ એ નહી વાત માનું તારીરે
વાત માનું તારીરે, હું વાત માનું તારીરે—છોડ
રાજી ન થાશે, મરજીને માહારી,
જોઈ કટારીઆ, નાખીશ મારીરે—છોડ.

૪૯

અરે મુજી છોડ મારો, હાથ તું વીચારીરે,—હાથ તું.
આપે કટારી તો, નારીછું તાહારી,
બીક બહુ લાગે મને, જોઇ આ કટારીરે—અરે મુજી.

૫૦

કરૂંછું હું સ્વાધીન મારો પ્રાણ લે તું ઇશ,
કરજે ક્ષમા મુજ પાપની, નમાવુંછું હું શીશ—કરૂ.
માનતો નહી પ્રીયા, ઉપદેશ જે કરતીતી તુ,
આવ્યો પછીથી દીન આ ફુટયુ. મારૂ, ભત્રીશ—કરૂ.

સમાપ્ત.